

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિ પ્રસંગે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ વતી પ્રમુખ અરુણભાઈ બુચ તથા પ્રદિપ સોલંકીએ ગુજરાતના રાજ્યપાલ ઓ.પી. કોહલીને ગાંધીજી 'એક કદમ સ્વચ્છતા કી ઓર' થીમ આધારિત પ્રતિકૃતિ અર્પણ કરી હતી. આ પ્રતિકૃતિ શહેરના જાણીતા સ્કલ્પચર આર્ટિસ્ટ રંજનબેન ભટ્ટ તથા હરિન ભટ્ટ દ્વારા તૈયાર કરવામાં આવી હતી. આ પ્રતિકૃતિ થકી વસાહત મહામંડળ દ્વારા સ્વચ્છતા ઝુંબેશમાં લોકભાગીદારી ઉભી કરવા જાહેર ટહેલ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે શહેર વસાહત મહામંડળ છેલ્લા ૧૦ વર્ષથી રાજભવન પટાંગણ સ્થિત ગાંધીજીની પ્રતિમા સમક્ષ સર્વધર્મ પ્રાર્થનાનું આયોજન કરે છે.

# સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં વરસાદનો માહોલ અકબંધ

## વલસાડ-વાપીમાં પણ વરસાદ : લોપ્રેશરની સ્થિતિ હોવાથી માછીમારોને દરિયામાં ન જવા સૂચના : તંત્ર એલર્ટ ઉપર

અમદાવાદ, તા. ૫

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના જુદા જુદા ભાગોમાં આજે પણ વરસાદી માહોલ રહ્યો હતો. વરસાદના પરિણામ સ્વરુપે લોકોમાં એકબાજુ ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. બીજી બાજુ કેટલાક વિસ્તારોમાં તોફાની પવન સાથે વરસાદ પડવાથી અનેક વૃક્ષો ધરાશાયી થયા હતા. વિજળી પણ ડુલ થઈ ગઈ હતી. સૌરાષ્ટ્રના જે વિસ્તારોમાં આજે પણ વરસાદ થયો હતો તેમાં જુનાગઢ અને તેના આસપાસના વિસ્તારો, માળિયા, કેશોદનો સમાવેશ થાય છે. બીજી બાજુ વલસાડ, વાપીમાં પણ વરસાદી માહોલ રહ્યો હતો. ઘણા વિસ્તારમાં વિજળી ડુલ ઈ ગઈ હતી. ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાંથી દક્ષિણ પશ્ચિમ મોનસુન હવે પરત ખેંચાઈ રહ્યું છે. વરસાદી સિઝન પૂર્ણાહૂતિના તબક્કામાં છે ત્યારે વરસાદ પડી રહ્યો છે. સૌરાષ્ટ્રમાં પણ આજે વરસાદ થયો હતો. બીજી બાજુ ભુજમાં આજે પારો ૪૧.૨ સુધી પહોંચ્યો હતો. હવામાન વિભાગના કહેવા મુજબ અરબી દરિયામાં લોપ્રેશરની સ્થિતિ સર્જાઈ શકે છે જેથી માછીમારોને ૪૮ કલાક સુધી દરિયામાં ન જવા માટે કહેવામાં આવ્યું છે. ગુજરાતના જુદા જુદા ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટા જારી રહી શકે છે. આગામી બે ત્રણ દિવસ દરમિયાન દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ અકબંધ રહી શકે છે. આ વર્ષે ગયા વર્ષની સરખામણીમાં કચ્છમાં ૮૯ ટકા વરસાદની ઘટ રહી છે અને માત્ર ૨૬.૫૧ ટકા વરસાદ થયો છે. ગુજરાતમાં સરેરાશ ૭૬.૬૧ ટકા વરસાદ થયો છે. કચ્છમાં સૌથી ઓછો વરસાદ નોંધાયો છે. બીજી બાજુ હવામાનના કહેવા મુજબ દક્ષિણમાં હળવા વરસાદી ઝાપટા જારી રહી શકે છે. આજે સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં પણ વરસાદ પડ્યો છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૭.૩ ડિગ્રી નોંધાયું હતુ 'જ્યારે ભુજમાં આજે પણ પારો ૪૧.૨ સુધી રહ્યો હતો. આ વર્ષે નોર્મલ કરતા ઓછો વરસાદ રહ્યો છે. જો કે, દેશના ૨૫૧ જિલ્લામાં દુષ્કાળનું સંકટ છે. દેશમાં વરસાદી સિઝન પહેલી જૂન ૨૦૧૮ના દિવસે મોનસુનની શરૂઆત થયા બાદથી ૧૧૭ દિવસ સુધી રહી છે જેમાં લોંગ ટર્મ એવરેજના માઈનસ નવ ટકા વરસાદ રહ્યો છે. આઈએમડી દ્વારા આંકડા જારી કરવામાં આવ્યા બાદ સ્થિતિમાં સુધારો થયો છે. દરમિયાન એલર્ટની ચેતવણી પણ જારી કરવામાં આવી છે. લોપ્રેશરની સ્થિતિ હોવાથી તંત્ર સાબદુ કરાયું છે.

# અરવલ્લી જિલ્લા કલેક્ટરે ઢુંઢર બાળકી દુષ્કર્મ મામલે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

મોડાસા, તા. ૫

સાબરકાંઠાના ઢુંઢર ગામે ૧૪ મહિનાની બાળકી પર દુષ્કર્મની ઘટનાના પગલે અરવલ્લી જીલ્લામાં ભરેલા અગ્નિ જેવો માહોલ પ્રવર્તી રહ્યો છે. જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ક્ષત્રિય ઠાકોર સેના સહીત વિવિધ સમાજ દ્વારા દુષ્કર્મ આચરનાર આરોપીને ફાંસીના માંચડે લટકાવવાની માંગ સાથે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે ત્યારે અરવલ્લી જીલ્લા કલેક્ટરે દુષ્કર્મ મામલે જીલ્લામાં શાંતિનો માહોલ જળવાઈ રહે તે માટે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જીલ્લા પોલીસવડા મયુર પાટીલ સહીત અધિકારીઓ અને દરેક સમાજના પ્રતિનિધિઓ અને વિવિધ સંસ્થાઓના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અરવલ્લી જીલ્લા કલેક્ટર શાંતિ જાળવવા અપીલ કરી અશાંતિ ફેલાવનાર લોકો સામે કાયદેસરના પગલાં ભરવામાં આવશે તેવું જણાવ્યું હતું.

# મોડાસા સાંઈબાબા-સર્વોદયનગર રોડ પર દારૂડિયો નશામાં ઢળી પડતા અચરજ

## મોડાસાના સર્વોદય નગર વિસ્તારમાં દેશી-વિદેશી દારૂ અને તાડીના નશામાં અનેક પરિવારો બરબાદ

મોડાસા, તા. ૫

અરવલ્લી જીલ્લામાં દારૂબંધીની કડક અમલવારીના પોલીસતંત્રના પ્રયત્નો નિષ્ફળ રહેતા જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં દેશી-વિદેશી દારૂ, તાડી અને ગાંજાનો વેપાર પૂરબહારમાં છે. પરિવારજનો માટે જીવનજરૂરિયાત ચીજવસ્તુ ખરીદવા ડોલચું લઈ નીકળેલો યુવાન દારૂના ચિક્કાર નશામાં બેભાન બની પડેલો જોવા મળતા દારૂબંધીની અમલવારીની પોલ ખુલી ગઈ હતી.



ખીલતા યુવાધન અને કેટલાક પરિવારજનો નશાના ખપ્પરમાં હોમાઈ રહ્યા છે. મોડાસા શહેરના સાંઈબાબાથી સર્વોદયનગર વિસ્તાર રોડ પર દારૂના નશામાં ચકચાર બની લથડિયાં ખાતા અને બિભસ્ત વર્તન કરતા દારૂડિયાઓથી મહિલાઓ અને પ્રજાજનો પસાર થતા ફફડી રહ્યા છે.

મોડાસાના સર્વોદય નગર વિસ્તારમાં મોટા ભાગે મધ્યમવર્ગીય અને ગરીબ પરિવારો વસવાટ કરી રહ્યા છે. સર્વોદયનગર વિસ્તારમાં ખુલ્લેઆમ દેશી દારૂ અને તાડીનું ધૂમ વેચાણ થતું હોવાનું પોલીસતંત્રને ખબર હોવા છતા આંખ આડે કાન કરતા યુવાધન અને મજૂરી કરનાર વર્ગ દારૂના નશામાં બરબાદની ગર્તામાં ધકેલાઈ રહ્યો છે. વહેલી સવારથી યુવાનો અને દારૂના નશો કરનાર લોકો અડ્ડાઓ પર લાઈન લગાવી દાતણ-પાણી પણ દેશી દારૂથી કરતા હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. સર્વોદયનગર વિસ્તારમાં દારૂડિયાઓના રંજાડથી મહિલાઓ અને યુવતીઓ ઘર બહાર પણ નીકળતા અસલામતી અનુભવે છે. મોટાભાગના યુવાનો અને ઘરના મોભી દિવસ દરમિયાન કરેલી કાળી મજૂરી દારૂના અડ્ડા ચલાવનાર મહિલાઓ અને બુટલેગરોને ત્યાં ચુકવણું કરતા હોવાથી તેમના પરિવારજનોની હાલત દયનિય બની છે. દેશી દારૂ અને તાડી માંગો ત્યારે મળી રહેતા સગીરો પણ વ્યસની બની ગયા હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર દ્વારા સર્વોદયનગર વિસ્તારમાં ચાલતા દેશી-વિદેશી દારૂના અડ્ડાઓ અને તાડી વેચનારા અસામાજિક તત્વો પર ત્રાટકી કાયદાનું ભાન કરાવે અને વ્યસનના ખપ્પરમાં હોમાતા યુવાનો અને પરિવારજનો બચાવી લેવા જોઈએ તેવી લોક માંગણી પ્રબળ બની છે.

# મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં હીરક મહોત્સવની ઉજવણી

મોડાસા, તા. ૫

અરવલ્લી-સાબરકાંઠા અને આજુબાજુના જીલ્લા સાઈટ ઉજવણીના ભાગરૂપે હોસ્પિટલમાં માતૃ અને બાળ કલ્યાણ વિભાગ શરૂ કરવામાં પાડી રહી છે ત્યારે હોસ્પિટલમાં વિવિધ સુવિધાઓ થકી દર્દીઓને દૂર સુધી ન જવું પડે તે માટે પણ



રાજસ્થાનના ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓ માટે નજીવા ખર્ચે સ્વાસ્થ્ય સેવા માટે આશીર્વાદ સમાન મોડાસા સાર્વજનિક હોસ્પિટલને ૭૫ વર્ષ પૂર્ણ થતા હીરક મહોત્સવની ઉજવણી સાથે રાજ્ય સરકારના સહયોગથી વિવિધ સુવિધાઓ શરૂ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. હોસ્પિટલની હિરક મહોત્સવની આવશે. આ સાથે જ ઘૂંટણના ઓપરેશન માટે ખાસ વ્યવસ્થા હોસ્પિટલમાં કરાશે. હોસ્પિલમાં ડેડ બોડી કોલ્ડ સ્ટોરેજ રૂમની પણ બનાવવામાં આવનાર છે.

ઉલ્લેખનિય છે કે, સાર્વજનિક હોસ્પિટલની શરૂઆત ઈ.સ.૧૯૪૩માં થઈ હતી અને છેલ્લા ૭૪ વર્ષથી ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને સારવાર પૂરી ખાસ આયોજન કરવાની ટ્રસ્ટ દ્વારા આયોજન કરવામાં આવ્યું હોવાનું ટ્રસ્ટીઓએ જણાવ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ જીગર મહેતા, માનદ મંત્રી પૂનમ પટેલ, મંત્રી પિયુષ પટેલ, ટ્રસ્ટી મહેન્દ્ર મામા અને મહેશભાઈ પટેલ ઉપસ્થિત રહી હીરક મહોત્સવની ઉજવણીની માહિતી પત્રકાર પરિષદ યોજી આપી હતી.



## અરવલ્લી જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે તાલુકા ભાજપની કારોબારી બેઠક

અરવલ્લી જિલ્લા કાર્યાલય ખાતે મોડાસા તાલુકા ભાજપની કારોબારી બેઠક યોજાઈ હતી. જેમા રાજકીય પ્રસ્તાવ, અભિનંદન પ્રસ્તાવની સાથે દેશના પૂર્વ વડાપ્રધાન અને ભારત રત્ન સ્વ. અટલબિહારી વાજપેયજીનો શોક પ્રસ્તાવ રજુ કરવામા આવ્યો હતો. આગામી સમયમાં આવનાર લોકસભાની ચૂંટણી અનુલક્ષીને પાર્ટીના આગામી કાર્યક્રમોની રૂપરેખા આપી આગામી સમયમાં તાલુકાકક્ષાએ પક્ષના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલુકા કારોબારી બેઠકમાં જીલ્લા પ્રમુખ રણવીરસિંહ ડાભી, મહામંત્રી શામળભાઈ પટેલ, મંડલ પ્રમુખ હસમુખભાઈ પટેલ, મંડલ પ્રભારી ગુલાબચંદભાઈ પટેલ તથા તાલુકાના કારોબારી સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થીત રહ્યા હતા.

# ગુજરાતની તમામ બેઠક જીતવા ભાજપ સુસજ્જ

પ્રદેશ ભાજપા મીડિયા સેલની અખબારી યાદી જણાવે છે કે, ભાજપાના રાષ્ટ્રીય મહામંત્રી સાંસદ અને ગુજરાતના પ્રભારી ભૂપેન્દ્ર યાદવ, પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણી, સંગઠન મહામંત્રી ભીખુ દલસાણીયા તેમજ ઝોનના પ્રદેશ મહામંત્રીની ઉપસ્થિતિમાં બેઠકોનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ બેઠકોમાં આગામી લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં લઈને જીલ્લાના પદાધિકારીઓ અને આગેવાનોને જરૂરી માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યુ હતુ. મારુ બૂથ મજબૂત બૂથ સુત્રને ધ્યાનમાં લઈને બૂથની વ્યવસ્થા અને કેન્દ્ર તેમજ રાજ્ય સરકારની યોજનાઓની માહિતી બૂથમાં દરેક મતદારને આપવામાં આવે તે અંગે જરૂરી વ્યવસ્થાની માહિતી આપવામાં આવી હતી. સાબરકાંઠા, દાહોદ, પંચમહાલ, વડોદરા, આણંદ, ખેડા, ભરૂચ, છોટાઉદેપુર, બારડોલી, સુરત, વલસાડ, નવસારી, અમરેલી, ભાવનગર, કચ્છ, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, જુનાગઢ અને પોરબંદર લોકસભા સીટસઃ બેઠકોમાં પદાધિકારીઓ અને આગેવાનો દ્વારા આગામી ચૂંટણીમાં આ બેઠકોને ભારે બહુમતીથી ચૂંટી લાવવાનો ભરોસો આપવામાં આવ્યો હતો.



## મોડાસામાં બહુજન ક્રાંતિ મોરચાની રેલીનું વાજતે-ગાજતે સ્વાગત કરાયું

બહુજન ક્રાંતિ મોરચાની રેલી મોડાસા શહેરના કલ્યાણ ચોકમાં પ્રવેશી હતી. જેમાં અરવલ્લી જિલ્લાના વિવિધ તાલુકાના દલિત સમાજના સૌ કોઈ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને રેલીનું વાજતે-ગાજતે સ્વાગત કરવામાં આવ્યું હતું. રેલીમાં જોડાયેલા અગ્રણીઓને ફુલહાર પહેરાવી આવકારવામાં આવ્યા હતા. ત્યારબાદ ડીજે અને નાસિક ઢોલના તાલે રેલી ચાર રસ્તા થઈ મેઘરજ રોડ પારસ સોસાયટી પહોંચી પ્રણામી મંદિરે સભામાં પરિવર્તિત થઈ હતી જેમાં મોટી સંખ્યામાં અનુ.જાતિ સમાજના યુવાનો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કલોલમાં દત્તોપંત ઠેગડી રાષ્ટ્રીય શ્રમિક શિક્ષા અને વિકાસ બોર્ડનો ૬૧મો સ્થાપના દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૫

રાષ્ટ્રીય શ્રમિક શિક્ષા અને વિકાસ બોર્ડે અમદાવાદ દ્વારા સંસ્થાનો ૬૧મો સ્થાપના દિવસ અને હિન્દી દિવસ બંનેની ઉજવણી કલોલ ખાતે ભારે ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. આ પ્રસંગે ક્ષત્રિય નિર્દેશક એસ.કે. સિંહ, પ્રભારી મોહનસેન શિક્ષાધિકારી કાર્યક્રમ પ્રભારી અને અરવિંદભાઈ ચાવડા અને જગદીશભાઈ સોલંકી અસંગઠિત ક્ષેત્રના અનેક લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પ્રારંભમાં ધારાસભ્ય બળદેવજી ઠાકોર અને ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા.)ના અધ્યક્ષ ગૌતમભાઈ ગેડીયા દ્વારા શુભેચ્છા સંદેશ પાઠવવામાં આવ્યો હતો. જેમાં શિક્ષિચ શ્રમિક રાષ્ટ્રના નિર્માણ માટે ભાર મુકવામાં આવ્યો હતો. તેઓએ સામાજિક સુરક્ષા યોજના માટે પ્રશિક્ષણ કેળવવા અનુરોધ કર્યો હતો.

ગાયત્રી પ્રાથમિક શાળાના અધ્યક્ષ મહેશભાઈ પટેલ અને સક્ષમ સંસ્થાના ડાયરેક્ટર લત્તાબેન માલસરીયા હિન્દી દિવસ વિશે વિસ્તૃત માહિતી આપીને શ્રમિકોને વધારે કાર્યકુશળ બનાવવા અનુરોધ કર્યો હતો. પૂર્વ સહાયક માહિતી નિયામક ભાનુભાઈ દવે કાર્યક્રમની શુભેચ્છાઓ પાઠવી હતી. સામાજિક અગ્રણી મહિલા જયશ્રીબેન શ્રીમાળી, યમુનાબેન શ્રીમાળી, કુ. દામિનીબેન શ્રીમાળી, લલિતાબેન ડી. પંડ્યા, ધર્મિષ્ઠા એસ. પંડ્યા મહિલા સશક્તિકરણની યોજનાઓ વિશે બહેનોને માહિતગાર કરી હતી.

# ફુજી ફિલ્મે પ્રથમ એપીએસ-સી મિરરલેસ કેમેરા લોન્ચ કર્યા

ગાંધીનગર, તા. ૫

ઈમેજિંગ ટેકનોલોજીસમાં પુરોગામી ફુજીફિલ્મ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ સહર્ષ તેના એક્સ-સિરીઝ મિરરલેસ કેમેરા રેન્જમાં અદ્યતન મોડેલ એક્સ-ટીઉ રજૂ કર્યુ છે. જે સ્ટીલ અને વીડિયો એમ બંનેમાં અદ્‌ભુત ઈમેજ ક્વોલિટી ડિલિવર કરે છે. એક્સ--ટીઉ બે રંગો બ્લેક અને સિલ્વરમાં ઉપલબ્ધ છે અને તેની કિંમત રૂ. ૧૧૭૯૯૯ (બોડી) અને રૂ. ૧૪૯૯૯૯ (૧૮-૫૫ એમએમ કીટ) છે. એક્સ-ટીઉ બેટરી ગ્રિપની કિંમત રૂ. ૨૫૯૯૯ છે.

એક્ટ-ટીઉ સાથે, ફુજીફિલ્મ ઈન્ડિયા તેની ટ્રેન્ડ સેટિંગ પ્રોડક્ટસ જેમકે એક્સ અને જીએફએક્સ રેન્જ મિરરલેસ કેમેરા માટે, ઈન્સ્ટન્ચ કેમેરા માટે તથા વેડિંગ કે પર્સનલાઈઝડ આલ્બમ સોલ્યુશન્સ માટે ઈન્સ્ટેક્સ રેન્જ ઈન્ડિયા ઈન્ટરનેશનલ ફોટો વીડિયો ટ્રેડ ફેર ૨૦૧૮માં રજૂ કરી રહી છે. આ ત્રણ દિવસીય ઈવેન્ટ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે તા. ૫ થી ૭ ઓક્ટોબર, ૨૦૧૮ ખાતે યોજાયેલ છે.

મુલાકાતીઓ તમામ પ્રોડક્ટ્સનું લાઈવ ડેમોસ્ટ્રેશન સ્ટોલમાં જોઈ શકશે અને તેઓ પ્રોજક્ટને સ્પર્શ કરી તેનો અનુભવ કરી શકશે.

ફુજીફિલ્મ ઈન્ડિયા પ્રાઈવેટ લિ. ઈમેજ કેપ્ચરીંગના નેશનલ બિઝનેસ મેનેજર અરૂણ બાબુએ કહ્યું હતું કે 'અમે ઈન્ડિયા ઈન્ટરનેશનલ ફોટો વીડિયો ટ્રેડ ફેર ૨૦૧૮માં ભાગ લઈને ભારતીય માર્કેટ અને ખાસ કરીને ગુજરાતના માર્કેટ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા વધુ દૃઢ કરી છે. આ પ્રસંગે અમે ગુજરાતમાં જેની સૌથી વધુ રાહ જોવાય છે એ ફુજીફિલ્મ એક્સ-ટીઉ મિરરલેસ ડિજિટલ કેમેરાની ઘોષણા કરી રહ્યા છીએ. એક્સ-ટીઉની રજૂઆત અમને ભારતના મિરરલેસ માર્કેટમાં આગામી ૩-૪ વર્ષમાં ૩૦ ટકા માર્કેટ શેર પ્રાપ્ત કરવામાં સક્ષમ બનાવશે અને અમને ફુજીફિલ્મ ખાતે વિશ્વાસ છે કે નવી એક્સ-ટીઉને અગાઉની રેન્જ પ્રમાણે જ ઓળખ અને સ્વીકાર પ્રાપ્ત થશે. અમે દૃઢપણે માનીએ છીએ કે આગામી પાંચ વર્ષમાં મિરરલેસ કેમેરાની માંગ ડીએસએલઆર કરતાં વધી જશે. અમે અમારા ગ્રાહકોને ટેકનોલોજી અને ઈનોવેશનમાં સૌથી ઉત્તમ કિંમતે આપવા માટે પ્રયાસ કરીશું.'

# ગઢોડાની સિરામીક ફેક્ટરીમાં હલ્લાબોલ કરાતા ૧૯ સહિત ૨૦૦ના ટોળા વિરૂદ્ધ ફરીયાદ

## પોલીસે ટીયરગેસના શેલ છોડતા નાસભાગ મચી મોડી રાતે જિલ્લાની પોલીસ ગઢોડા દોડી આવી

હિંમતનગર, તા. ૫

સિરામીક ફેક્ટરીઓમાં કામ કરતા બિહારીઓને કાઢી મુકવા માટેની માગં સાથે ગુરૂવારે મોડી રાતે સાબરડેરીથી તલોદ જતા રોડ પર આવેલ એક સિરામીક ફેક્ટરીમાં ૨૦૦થી વધુના ટોળાએ હથીયારો સાથે ઘુસી જઈને હલ્લાબોલ કરી ધમાચકડી કરતા જિલ્લાનું પોલીસતંત્ર દોડી આવ્યુ'હતું અને ટોળાને ભગાડવા માટે ટીયરગેસના બે શેલ છોડવાની ફરજ પડી હતી. ત્યારબાદ પોલીસે મોડી રાતે હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ૧૯ સહિત ૨૦૦ના ટોળા વિરૂદ્ધ ગુનો નોંધ્યો હતો.

આ અંગે પોલીસસૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ગુરૂવારે મોડી રાતે સાબરડેરીથી તલોદ જતા રોડ પર ગઢોડા ગામની સીમમાં આવેલ ઓરીકલ માર્બીટો સિરામીક ફેક્ટરીમાં રાત્રે ૧૧ વાગ્યાના સુમારે ૨૦૦થી વધુના ટોળાએ હથિયારો તથા લાકડીઓ લઈને ધસી આવ્યા બાદ હલ્લાબોલ કરી દેકારો મચાવી ફેક્ટરીની મિલ્કતને નુકશાન પહોંચાડવાનો પ્રયાસ કરી અહીંથી બિહારીઓને કાઢી મુકો તેવી માંગણી કરી ધમાચકડી મચાવી દીધી હતી.

દરમ્યાન આ અંગે જિલ્લા પોલીસતંત્રને જાણ થતા પોલીસવડા, નાયબ પોલીસવડા તથા એલસીબી, એસઓજીનો સ્ટાફ ગઢોડા દોડી આવ્યો હતો. અને ટોળા સાથે સમજાવટ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તેમ છતાં કેટલાંક લોકો પોતાની માંગણી પર અડગ રહી શાંતિ ડહોળવાનો પ્રયાસ ચાલુ રાખતા પોલીસે ના છુટકે ટોળાને વિખેરવા માટે ટીયરગેસના બે શેલ છોડ્યા હતા. જેના કારણે ટોળુ વિખરાવવા માંડ્યુ હતું. આ સમયે કેટલાક તત્વોએ એક પોલીસ વાહનનો કાચ તોડી નાંખ્યો હતો.

ત્યારબાદ ઓરીકલ સિરામીકમાં રહેતા અશોકકુમાર લખનવાલ નિસાદે ૧૯ સહિત ૨૦૦ના ટોળા વિરૂદ્ધ ગુરૂવારે મોડી રાત્રે હિંમતનગર એ. ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે આ ઘટના સંદર્ભે ૧૯ જણાની અટકાયત કરવાની કાર્યવાહી શરૂ કરી દીધી છે. અને શુક્રવારે કેટલાંક લોકોની અટકાયત કરીને એ.ડીવીઝન પોલીસ સ્ટેશનની કસ્ટડીમાં લવાયા હોવાનું નાયબ પોલીસવડા ભરતભાઈ બારોટે ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યું હતું.

## કરાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

રિસોર્સ, વેપારથી લઈને મૂડીરોકાણ, શૌર ઉર્જા, ટેકનોલોજી, ટાઈગર કન્ઝર્વેશન, અંતરિક્ષ જેવા મામલામાં સંબંધોને મજબૂત કરવાની તકો રહેલી છે. પુટિને કહ્યું હતું કે, તેઓ મોદીને ભારત અન રશિયા વચ્ચે મહત્વપૂર્ણ સમજૂતિ કરવા માટે અભિનંદન આપે છે. આ મિત્રતા રશિયા માટે ખુબ મહત્વપૂર્ણ છે. મોદીને રશિયા આવવા માટેનું આમંત્રણ આપવામાં આવ્યું હતું. પુટિને કહ્યું હતું કે, ભારત સાથે અમારી જુની મિત્રતા અકબંધ રહી છે. ભારતીય કંપનીઓને રશિયામાં કારોબાર કરવા માટે પણ પુટિને આમંત્રણ આપ્યું હતું. મોદીની સાથે રશિયા અને સિરિયાના મામલાઓ ઉપર પણ ચર્ચા થઈ હતી. આ પહેલા આઠ સમજૂતિ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. બંને દેશોના નેતાઓ વચ્ચે વાતચીત બાદ વિદેશ સચિવ વિજય ગોખલે અને રશિયન અધિકારીઓ વચ્ચે ડિલના દસ્તાવેજોની આપલે કરવામાં આવી હતી. બંને દેશો વચ્ચે રુબલ રૂપિયા ડિલ, હાઈસ્પીડ રશિયન ટ્રેન, ટ્રેક રિકવરી, રોડ બિલ્ડિંગ ઈન ઈન્ડિયા, ઓપરેશન ઓન રેલવે, સરફેશ રેલવે એન્ડ મેટ્રો રેલ ઉપર વાતચીત થઈ હતી. આ ઉપરાંત ત્રાસવાદ, અફઘાનિસ્તાન, ક્લાઈમેટ ચેંજ, બ્રિક્સ અને એશિયન દેશો જેવા સંગઠનોને લઈને પણ ચર્ચા થઈ હતી. હૈદરાબાદ હાઉસમાં આ શિખર બેઠક શરૂ થઈ હતી. બંને નેતાઓ વચ્ચે જોરદાર કેમિસ્ટ્રી જોવા મળી હતી. રશિયાના પ્રમુખ વ્લાદીમીર પુટિન ગઈકાલે મોડી સાંજે બે દિવસના પ્રવાસે ભારત આવી પહોંચ્યા હતા. ભારત અને રશિયા વચ્ચેના સંબંધ પરસ્પર વિશ્વાસ પર આધારિત રહ્યા છે. તેમની વચ્ચેના સંબંધ વર્ષોથી તમામ પ્રકારની સ્થિતીમાં ખુબ મજબુત રહ્યા છે. અમેરિકાએ ચેતવણી આપતા કહ્યુ છે કે ભારત દ્વારા જે એસ-૪૦૦ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ ખરીદવા માટે તૈયાર છે તે અમેરિકાની પ્રતિબંધાત્મક હદમાં આવે છે. સંરક્ષણ જાણકાર લોકોનુ કહેવુ છે કે અમેરિકા ઈચ્છે છે કે ભારત રશિયા સાથે આ સમજુતી ન કરે પરંતુ ભારત સમજુતી માટે તૈયાર છે. રશિયાના પ્રમુખ પુટિન ગઈકાલે સાંજે નવી દિલ્હી પહોંચ્યા હતા. ભારત અને રશિયા વચ્ચેના સંબંધને જોતા આ સમજુતી ચોક્કસપણે થઈ શકે છે. હાલના વર્ષોમાં ભારતની મિત્રતા અમેરિકા સાથે મજબુત થઈ છે. એર ડિફેન્સસિસ્ટમને લઈને છેલ્લા ઘણા દિવસથી ચર્ચા ચાલી રહી હતી. આજે આ સમજૂતિ ઉપર હસ્તાક્ષર થઈ ચુક્યા છે. એરડિફેન્સના સંદર્ભમાં ભારતીય હવાઈ દળના વડા ધનોવાની વાત માનવામાં આવે તો એસ-૪૦૦ ભારતીય હવાઈ દળ માટે એક બુસ્ટર શોટ સમાન રહેશે. આનાથી પડોશી દેશોના ખતરાને ટાળી શકાશે. પાકિસ્તાનની પાસે અપગ્રેડેડ યુદ્ધવિમાનો છે. ચીન પાસેથી મળેલા હથિયારો પણ છે.

## બ્લેક ફ્રાઈડે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચિંતાતુર બની ગયા છે. આજે કારોબાર દરમિયાન ઈન્ટ્રાડે વેળા સેંસેક્સમાં ૯૦૦ પોઈન્ટનો ઘટાડો થયો હતો. છેલ્લા ત્રણ દિવસની વાત કરવામાં આવે તો સેંસેક્સમાં ૨૧૪૯ પોઈન્ટનો ઘટાડો નોંધાઈ ચુક્યો છે જે ખુબ જ મોટો ઘટાડો છે. બીપીસીએલ, આઈઓસી, એચપીસીએલમાં બાવન સપ્તાહની નીચી સપાટી જોવા મળી હતી. નિફ્ટી બેંક ઈન્ડેક્સમાં ૧.૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. યશ બેંક, એસબીઆઈ, બેંક ઓફ બરોડાના શેરમાં ૫.૧ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. આરબીઆઈ દ્વારા વ્યાજદરમાં યથાસ્થિતિ રાખવામાં આવી હોવા છતાં બેંકિંગ શેરમાં મોટો ઘટાડો રહ્યો હતો. નિફ્ટી પીએસયુ બેંક ઈન્ડેક્સમાં ૪.૪ ટકાનો ઘટાડો રહ્યો હતો. જ્યારે નિફ્ટી ઓટો ઈન્ડેક્સમાં ૩.૨ ટકા, રિયાલીટીમાં ૩ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

## રેપોરેટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ક્રૂડની કિંમતમાં વધારો અને ડોલર સામે રૂપિયામાં સતત ઘટાડો થવાના કારણે મોંઘવારી વધવાની આશંકા દેખાઈ રહી હતી પરંતુ આરબીઆઈએ વ્યાજદરને યથાવત રાખીને તમામને ચોંકાવી દીધા છે. મોટાભાગના લોકો માની રહ્યા હતા કે, વ્યાજદરમાં ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો કરાશે. આરબીઆઈએ તમામ પાસાઓને ધ્યાનમાં લીધા બાદ આજે આ નિર્ણય લીધો હતો. આરબીઆઈના ગવર્નર ઉર્જિત પટેલના નેતૃત્વમાં છ સભ્યોની મોનિટરી પોલિસી કમિટિની મિટિંગના પરિણામ આજે જાહેર કરવામાં આવ્યા હતા. તમામ અર્થશાસ્ત્રીઓની ગણતરીની બિલકુલ વિરુદ્ધમાં આરબીઆઈએ વ્યાજદરમાં કોઈ વધારો કર્યો ન હતો. તમામ અર્થશાસ્ત્રીઓ માની રહ્યા હતા કે, વ્યાજદરમાં વધારો કરવામાં આવશે પરંતુ વ્યાજદર યથાવત રાખવામાં આવ્યા હતા. છેલ્લી બે અગાઉની દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષામાં આરબીઆઈએ વ્યાજદરમાં વધારો કર્યો હતો. ઓગસ્ટ મહિનામાં રેપોરેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો કરવામાં આવ્યો હતો. રિઝર્વ બેંક દર ત્રણ મહિનામાં આર્થિક નીતિઓની સમીક્ષા કરે છે. આ ગાળા દરમિયન વ્યાજદરો અથવા તો પોલિસી રેટ ઘટાડવા અથવા વધારવાના સંદર્ભમાં નિર્ણય કરવામાં આવે છે.

## સ્વાઈન ફ્લુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જ્યારે ૬ દર્દીના મોત નીપજ્યા છે. તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર ૬ દર્દી હાલ હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે.

સ્વાઈન ફ્લુના કેસો સૌથી વધુ ગાંધીનગરમાં નોંધાયા છે. આ પછી કલોલ તાલુકામાં અને દહેગામ તથા માણસા તાલુકામાં નોંધાયા છે.

મળતી વિગતો પ્રમાણે આજે મળી આવેલા દર્દીઓના નિવાસસ્થાનની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરી સંપન્ન કરી દેવાઈ છે અને કોઈજ નવા શંકાસ્પદ કેસો મળ્યા નથી. સ્વાઈન ફ્લુના છુટા છવાયા કેસો મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે.